# :: હંગામી જાહેરનામું ::

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ ૩૩(૧)(બી) મુજબનું જાહેરનામું

ક્રમાક:ટ્રાફિક/ડાયવર્ઝન/ફ્લાય ઓવરબ્રિજ બાંધકામ/જાહેરનામું/૩૯૨૩ /૨૦૨૫

પોલીસ કમિશનરની કચેરી
સુરત શહેર.
તા.૦૫/૦૪/૨૦૨૫

સુરત શહેર ખાતે સુરત ઇન્ટેગ્રેટેડ ટ્રાન્સપોર્ટેશન ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ (SITCO) નાઓ દ્વારા સુરત રેલ્વે સ્ટેશન મોર્ડનલાઇઝેશનના ભાગ રૂપે રેલ્વે સ્ટેશન આજુ-બાજુ બનાવવામાં આવનાર નવા ફ્લાય ઓવરબ્રિજને વરાછા ફ્લાય ઓવરબ્રિજ સાથે જોડવા માટે કંન્ટ્રકશનની કામગીરી તા.૧૫/૦૩/૨૦૨૫ થી તા.૩૧/૦૩/૨૦૨૬ સુધી કરનાર હોય, આ વિસ્તારમાં સરળ ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જળવાઇ રહે તે માટે ઉપરોક્ત કામગીરીનાં રૂટ ઉપર જાહેરનામા પ્રસિદ્ધ થયે તારીખથી તા.૩૧/૦૩/૨૦૨૬ સુધી તમામ પ્રકારનાં ભારે વાહનો/લક્ઝરી બસોની અવર-જવર ઉપર તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જનહિતાર્થે ખૂબ જ જરૂરી જણાય છે.

## :: હુકમ ::

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧) બી અન્વયે મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ કૃત્યો તથા રૂટ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

| અ.નં. | પ્રતિબંધિત રૂટ | વૈકલ્પિક રૂટ |
|---|---|---|
| ૦૧ | વરાછા મેઇન રોડ ઉપર આવેલ વૈશાલી ત્રણ રસ્તાથી સુરત સ્ટેશન તરફ જતા તમામ ભારદારી વાહનો /લકઝરી બસોને વૈશાલી ત્રણ રસ્તાથી આયુર્વેદિક ગરનાળા તરફ (સુરત સ્ટેશન તરફ) અવર-જવર કરવા ઉપર પ્રતિબંધ રહેશે. | (૧) વરાછા ફ્લાય ઓવર બ્રિજ ઉપરથી આવતા ભારે વાહનો/લકઝરી બસો ફ્લાય ઓવર બ્રિજ ઉતરી વૈશાલી ત્રણ રસ્તાથી જમણી બાજુ વળી ઉમિયાધામ સર્કલથી ભવાની સર્કલ જઇ ડાબે ટર્ન લઇ નગીનાવાડી રેલ્વે ઓવર બ્રિજથી કિરણ હોસ્પિટલ બાજુ ઉતરી જે તે વિસ્તારમાં જઇ શકશે. |
| | | (૨) કાપોદ્રા વિસ્તાર, ગાયત્રી સર્કલ, સીતાનગર સર્કલ, બોમ્બે માર્કેટ તરફ જતી હેવી ટ્રકો અને લકઝરી બસો કાપોદ્રા ચાર રસ્તાથી ડાબી બાજુ વળી (અથવા હિરાબાગથી ડાબી બાજુ વળી) શ્રીરામ મોબાઇલ, રચના સર્કલ, ગાયત્રી સર્કલ થઇ રેશમા સર્કલ, સીતાનગર કાપોદ્રા વિસ્તાર અને જુની બોમ્બે માર્કેટ થઇ સુરત શહેરમાં જઇ શકશે. |

| | | |
|---|---|---|
| ૦૨ | વરાછાથી આયુર્વેદિક ગરનાળુ પસાર કરી ડાબી તરફ રેલ્વે સ્ટેશન તરફ જતા તમામ પ્રકારના વાહનો ઉપર પ્રતિબંધ રહેશે. | વરાછા તરફથી આવી આયુર્વેદીક ગરનાળુ પસાર કરી રેલ્વે સ્ટેશન જવા માટે લાલદરવાજા થઇ અમિષા ચાર રસ્તા થઇ દારૂવાલા પેટ્રોલ પંપ થઇ રેલ્વે સ્ટેશન જઇ શકશે. |
| ૦૩ | સુમુલ ડેરી તરફથી આયુર્વેદીક ગરનાળા થઇ વરાછા તરફ જતા તમામ ભારદારી વાહનો / લકઝરી બસો ઉપર પ્રતિબંધ રહેશે. | વરાછા તરફ જતા તમામ ભારદારી વાહનો/ લકઝરી બસો કિરણ હોસ્પીટલ (નગીનાવાડી સર્કલ) થી અલકાપુરી બ્રિજ ચઢી ભવાની સર્કલ થઇ ગૌશાળા સર્કલથી જે તે વિસ્તારમાં જઇ શકશે. |
| ૦૪ | લાલદરવાજા તરફથી આયુર્વેદીક ગરનાળા થઇ વરાછા તરફ જતા તમામ ભારદારી વાહનો / લકઝરી બસો ઉપર પ્રતિબંધ રહેશે. | (૧) વરાછા તરફ જતા તમામ ભારદારી વાહનો/ લકઝરી બસો ગોટાલાવાડીથી કિરણ હોસ્પીટલ (નગીનાવાડી સર્કલ)થી અલકાપુરી બ્રિજ ચઢી ભવાની સર્કલ થઇ ગૌશાળા સર્કલથી જે તે વિસ્તારમાં જઇ શકશે.<br>(૨) કામરેજ તરફ જતા ભારદારી વાહનો/લકઝરી બસો ફાલસાવાડીથી સહારા દરવાજાથી સરદાર માર્કેટથી પરવત પાટીયાથી કેનાલ રોડથી જે તે વિસ્તારમાં જઇ શકશે. |
| ૦૫ | અમિષા હોટલથી દારૂવાલા પેટ્રોલ પંપ થઇ આયુર્વેદીક ગરનાળા થઇ વરાછા તરફ જતા તમામ ભારદારી વાહનો/લકઝરી બસો ઉપર પ્રતિબંધ રહેશે. | (૧) વરાછા તરફ જતા તમામ ભારદારી વાહનો/ લકઝરી બસો ગોટાલાવાડીથી કિરણ હોસ્પીટલ (નગીનાવાડી સર્કલ)થી અલકાપુરી બ્રિજ ચઢી ભવાની સર્કલ થઇ ગૌશાળા સર્કલથી જે તે વિસ્તારમાં જઇ શકશે.<br>(૨) કામરેજ તરફ જતા ભારદારી વાહનો/લકઝરી બસો ફાલસાવાડીથી સહારા દરવાજાથી સરદાર માર્કેટથી પરવત પાટીયાથી કેનાલ રોડથી જે તે વિસ્તારમાં જઇ શકશે. |
| ૦૬ | GSRTC ની સરકારી બસો સુરત સેન્ટ્રલ બસ સ્ટેશનથી આયુર્વેદીક ગરનાળા થઇ કામરેજ તરફ અવર જવર કરવા ઉપર પ્રતિબંધ રહેશે. | (૧) સુરત બસ સ્ટેશનથી કામરેજ તરફ જવા માટે ફાલસાવાડી થી સહારા દરવાજાથી સરદાર માર્કેટથી પરવત પાટીયાથી કેનાલ રોડથી નેશનલ હાઇવે તરફ જે તે વિસ્તારમાં જઇ શકશે.<br>(૨) કામરેજ તરફથી સુરત સ્ટેશન તરફ આવતી GSRTC ની બસો સિમાડા ચાર રસ્તાથી ડાબે વળી સિમાડા કેનાલ ટી-પોઇન્ટથી જમણી બાજુ વળી પરવત પાટીયાથી સરદાર માર્કેટ, સહારા દરવાજા થી અમિષા હોટલથી સ્ટેશન જઇ શકશે. |

પોલીસ કમિશ્નર, સુરત શહેર, સુરત.

## :: અપવાદ ::

(૧) આપવામાં આવેલ વૈકલ્પિક રૂટ ઉપર જતા ભારદારી વાહનો તથા લકઝરી બસોને મે.પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના જાહેરનામાં ક્રમાંક:ઉ/ગપક/ટ્રાફિક/જાહેરનામું/લકઝરી બસ પ્રતિબંધ/૭૩૨/૨૦૧૯ તથા ક્રમાંક:ટફક/માલવાહક ભારેવાહન-પ્રતિબંધ/૭૩૩/૨૦૧૯ નું અનુચરણ પણ કરવાનું રહેશે.

(૨) ફરજ પરના પોલીસ વિભાગના વાહનો, આવશ્યક સેવાના વાહનો, ફાયર, એમ્બ્યુલન્સ, SMC ના વાહનો અવર જવર કરવા માટે પ્રતિબંધનો બાધ લાગશે નહી.

## :: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ જાહેરનામા પ્રસિદ્ધ થયે તારીખથી તારીખ-૩૧/૦૩/૨૦૨૬ સુધી કરવાનો રહેશે.

આજ રોજ તા. ૦૫/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(પોલીસ કમિશ્નર, સુરત શહેર, સુરત. — સિક્કો)

(અનુપમસિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧, સુરત શહેર.

(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૨, ક્રાઇમ, તથા ટ્રાફિક, સુરત શહેર.

(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.

(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.

(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી)

સવિનય નકલ રવાના:-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.

(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત રેન્જ, સુરત.

(૬) કલેકટરશ્રી, સુરત શહેર.

(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર.

(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત.

(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.

(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.

(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.

(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.

(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.

(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત.

(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.

(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર. (નાનપુરા બહુમાળી સુરત)

(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. (જીલ્લા સેવા સદન, અઠવાલાઇન્સ, સુરત)

(૧૯) સંયુકત માહિતી નિયામકશ્રી, સુરત (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ)

(૨૦) જનરલ મેનેજરશ્રી, ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ, સુરત.

પોલીસ કમિશ્નર
सत्यमेव जयते
સુરત શહેર, સુરત.